**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૧ ટકા ● સાંજે ૩૪ ટકા




ચૈત્ર માસમાં લીમડાંના મ્હોર અને તાજા પાનનો રસ એક સપ્તાહ સુધી પીવાથી આખા વર્ષ માટેની રોગ પ્રતિકારક શકિત મેળવી શકાય છે તેવું માનવામાં આવે છે. અત્યારે કોરોના વાઈરસ સામે લડવા જરૂર માત્ર રોગપ્રતિકારક શકિતની જ છે. અને શહેરમાં લીમડાંના વૃક્ષો પર ખોબલે ને ખોબલે મ્હોર ખિલ્યો છે પરંતુ જયાં દર વર્ષે સામાન્ય સ્થિતિમાં આ મ્હોરનો રસ પીવા લાઈનો લાગતી હતી ત્યાં આ વર્ષે લૉકડાઉનની સ્થિતિમાં લીમડાંનો મ્હોર તોડવા પણ કોઈ દેખાતું નથી..??



ગુજરાતમાંથી હરિદ્વાર ઉત્તરાંચલમાં ગયેલ યાત્રિકો લૉકડાઉનના કારણે ત્યાં ફસાતા તેમને મુકવા આવેલ લગભગ ૯૦ ડ્રાયવર, કડંક્ટર અને વ્યવસ્થાપકોને તા.૨૮/૩/૨૦ ના રોજ રાત્રે ૧૨ વાગે ઇન્ફોસિટી ટાઉન શીપના સહયોગથી સ્વામિનારાયણ મંદિર, સે-૨ દ્વારા મગસ, પુરી, શાક, પાપડ, મરચા મંદિરના સ્ટાફ તથા સંતો દ્વારા રસોઈ કરીને જમાડવામાં આવ્યા હતા તથા સવારે ચા પાણી નાસ્તો કરાવીને વિદાય આપવામાં આવી હતી.



આપણી આસપાસ રહેતા શ્રમજીવીઓ લૉકડાઉનના કારણે ભૂખ્યા ન રહે તે માટે માનવતાની મહેંક ખીલી ઉઠી છે. ગાંધીનગર ડીસ્ટ્રીકટ બાર એસોસીએશને ફુટપાથ પર અને ઝુંપડામાં રહેતા શ્રમજીવીઓને પુરી શાક, ખિચડી, છાશ, ચવાણું અને મીઠાઈની વ્યવસ્થા પુરી પાડી છે.

# લૉકડાઉનમાં બદલાતી જતી માનવીય ટેવો

## વહેલી સવારે વોકમાં જવાથી લઈને ગલ્લે બેસવા જવા સુધીની ટેવો છુટી : બાળકો પણ ઘરમાં રહેવા ટેવાઈ રહ્યા છે

ગાંધીનગર, તા.૨૯

કોરોનાની દહેશત વચ્ચે લૉકડાઉનના દિવસો ધીમે ધીમે પસાર થઈ રહ્યા છે. શાળા-કોલેજો સહિત હરવા ફરવાના તમામ સ્થળો બંધ છે. ફરજીયાત ઘરમાં રહેવું પડી રહ્યું છે. લૉકડાઉનના આ સમયગાળામાં લોકોની ટેવો બદલાઈ રહી છે. આર્થિક પ્રવૃત્તિઓ બંધ છે ત્યારે માનસિક રીતે મજબૂત બની લોકો ઘરમાં રહી વિવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યા છે.

લૉકડાઉનમાં ઘરે રહેવા સિવાય કોઈ ઉપાય નથી. ત્રણ અઠવાડિયા જેટલો લાંબો સમય ઘરમાં જ રહેવાનું હોઈ લોકોની ટેવો બદલાઈ રહી છે. અમુક વસ્તુઓ વિના ચલાવી લેવાની આદત પડી રહી છે. બહાર રખડયા વિના ઘરમાં રહી શકાય છે તે સમજાઈ રહ્યું છે. જે લોકો હંમેશા એવું કહેતા હતા કે મને તો મસાલો ખાધા વિના ચાલે જ નહીં... આપણને તો ગાંઠીયા જોઈએ જ.. ગલ્લે આંટો માર્યા વિના તો ચાલે જ નહીં... તેઓ હવે ચૂપચાપ ઘરમાં જ ઘણી બધી ચીજવસ્તુઓ વિના ચલાવી રહ્યા છે. જમવામાં પીઝા-પાસ્તાની ટેવો છૂટી રહી છે. રેસ્ટોરન્ટ, હોટલો અને ખાણીપીણી બજાર સાવ બંધ હોવાથી જીભના ચટકા સાવ બંધ થઈ ગયા છે. ઘરમાં રહીને ઘરમાં બનતું સાદુ ભોજન ખાવાની ટેવો પડી રહી છે.

કારણ વિના ઘરની બહાર આંટા મારતા યુવાનો ઘરમાં રહેવા મજબૂર બન્યા છે. એટલું જ નહીં ઘરના કામકાજમાં મદદ કરતા થયા છે. પતિદેવ ઘરકામમાં મદદ કરતા થયા છે તો નાના બાળકો પણ ઘરમાં રહેવા ટેવાઈ રહ્યા છે. ઘરમાં કેવી રીતે દિવસ પસાર કરવો તે સૌ શીખી રહ્યા છે.

# સેકટર-૨૯ અને પેથાપુર ખાતે શ્રમિક પરિવારોને માસ્કનું વિતરણ



ગાંધીનગર, તા.૨૯

અત્યારની પરિસ્થિતિમાં શ્રમિકોને માસ્કનો વિચાર પણ મોંઘો પડે તેવી સ્થિતિ છે. ત્યારે સેકટર-૨૯ ખાતે રહેતા પૂર્વ ડે.મેયર યુસુફ પરમારના પરિવારે પેથાપુર અને શહેરી વિસ્તારમાં શ્રમિકોને પાંચ હજાર ડિસ્પોઝેબલ માસ્કનું વિતરણ કર્યું હતું. તે ઉપરાંત પેથાપુર જીઈબી છાપરા અને સંજરી પાર્કમાં રહેતા નાગરીકોને જમવાનું પણ પીરસવામાં આવ્યું હતું.

રાજયમાં કોરોના ધીમી ગતિએ આગળ વધી રહ્યો છે. કોરોના નો ભય નાગરીકોને સતાવી રહ્યો છે. કોરોના સાવચેત રહેવા માટે નાગરીકો સેનેટાઈઝર અને માસ્કની ખરીદી કરવા માટે લાંબી લાઈનો લાગે છે. ત્યારે દુકાનદારો પણ સેનેટાઈઝર અને માસ્કમાં ઉઘાટી લુંટ ચલાવતા નજરે પડે છે. ત્યારે સવારે કમાઈને સાંજે જમતા વ્યકિતને માસ્કનો વિચાર પણ ન આવે. ત્યારે પરમાર પરિવારના સભ્ય સોફિયા પરમારે જણાવ્યું હતું કે ગાંધીનગર શહેરમાં કોરોનાના ૯ કેસ પોઝીટીવ છે. જેથી નાગરીકોએ આ અંગે તકેદારી રાખવી ખુબ જ આવશ્યક થઈ ગઈ છે. ત્યારે વૈભવી મકાનો અને મોંઘીદાટ કારમાં ફરતા નાગરીકો ગમે ત્યાંથી માસ્ક અને સેનેટાઈઝરની ખરીદી કરી લે છે. પરંતુ ઝુંપડપટ્ટીમાં રહેતા નાગરીકોને માસ્ક મેળવવુ કઠીન સાબિત થાય છે. ત્યારે પરિસ્થિતિ વચ્ચે સેકટર-૨૯ ખાતે રહેતા પરમાર પરિવારના સભ્યોએ પેથાપુર અને શહેરી વિસ્તારમાં શ્રમિકોને માસ્ક વિતરણ કર્યા હતા. તે ઉપરાતં સંજરી પાર્ક અને જીબીઈ છાપરા વિસ્તાર સહિતના ભુખ્યા નાગરીકોને જમવાનું પણ આપવામાં આવ્યું હતું.



સમગ્ર દેશમાં લૉકડાઉનની પરિસ્થિતિ છે ત્યારે માનવતાની મહેંક ખીલી ઉઠી છે. ઠેર ઠેર સેવાકીય પ્રવૃત્તિઓની સરવાણી વહી રહી છે. જલારામ અન્ન ક્ષેત્ર દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને મહાનગરપાલિકાના કર્મચારીઓને ટીફીન પહોંચાડવામાં આવી રહ્યા છે.

# માનવી તો માંગીને પણ ખાશે, આ અબોલ જીવો કેવી રીતે માંગશે?

## ગાંધીનગરમાં વર્ષોથી કૂતરાં-વાંદરા-પક્ષીઓ જેવા અબોલ જીવોની સેવા કરતી માતા-પુત્ર અને પુત્રવધૂની ત્રિપુટી : કોરોના વાઈરસને કારણે સર્જાયેલી લૉકડાઉનની સ્થિતિમાં આ ત્રિપુટી શ્રમિકોની પણ વ્હારે આવી




ગાંધીનગર, તા. ૨૯

સમગ્ર વિશ્વને પોતાના ભરડામાં લેનાર કોરોના વાયરસના ભારતમાં પણ થઈ રહેલા સંક્રમણને પગલે વડાપ્રધાન દ્વારા જાહેર કરવામાં આવેલી લૉકડાઉનની સ્થિતિમાં તમામ વેપાર-ધંધા ઠપ્પ થઈ જવાને કારણે સૌથી કફોડી પરિસ્થિતિ રોજે રોજ મજૂરી કે નાનો વેપાર કરતાં શ્રમિકોની થવા પામી છે. આ સ્થિતિમાં ગાંધીનગરનો એક પરિવાર એવો પણ છે જેમાં ઘરમાં રહેતા ત્રણ સભ્યો માતા- પુત્ર અને પુત્રવધુ ત્રણેય પોતાના વર્ષોના નિત્યક્રમ મુજબ શહેરના અબોલ જીવો જેવા કે કુતરાં, વાંદરા અને પક્ષીઓને તો ખોરાક પૂરો પાડવા માટે સવાર-સાંજ નીકળી પડે જ છે કેમકે તેમનું માનવું છે કે માનવી તો માંગીને પણ ખાઈ લેશે પરંતુ આ અબોલ જીવો કેવી રીતે પોતાના પેટનો ખાડો પૂરશે? પરંતુ તે સાથે આ પરિવાર અત્યારે શહેરના વિવિધ વિસ્તારમાં ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમિક પરિવારોને પણ નાસ્તો-ભોજન પુરું પાડી રહ્યું છે.

શહેરના સેક્ટર-૫માં રહેતા રીટાબેન પટેલ, તેમના પુત્ર પાર્થ અને પુત્રવધુ કરિના ત્રણેયનો દરરોજ પોતાના સેક્ટર તથા તેની આસપાસના વિસ્તારના રખડતા કૂતરાઓને ખીચડી-દૂધ, બિસ્કિટ તથા પક્ષીઓને ચણ પુરું પાડવાનો નિત્યક્રમ છે. આ સાથે છેલ્લા ત્રણ દિવસથી તેઓ કોરોનાને કારણે લૉકડાઉનની સ્થિતિમાં શહેરના વિવિધ વિસ્તારોની ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવીઓને પણ ખીચડી, છાશ કે બટાકાપૌંઆ જેવું હળવું ભોજન પણ પીરસી રહ્યા છે. ફેસ માસ્ક તથા હેન્ડ ગ્લોવ્ઝ સહિતની પુરતી સલામતી સાથે તેઓ આ સેવા આપી રહ્યા છે જેમાં તેમની પુત્રવધુના માતા જયનીતાબેન શાહ પણ જોડાય છે અને આ સેવા તેઓ લૉકડાઉન ચાલશે ત્યાં સુધી ચાલું રાખવાના છે.

રીટાબેન પટેલ ઊંઝા તાલુકાના સુરપુરા ગામના મૂળ વતની છે અને વર્ષ ૨૦૦૨માં તેમના લગ્નજીવનમાં ભંગાણ પડતાં છૂટાછેડા થવાને કારણે યુવાન વયે પોતાના છ વર્ષના પુત્રને લઈને ગાંધીનગરમાં રહેતા પોતાની માસીના આશરે આવ્યા હતા. માસીએ આપેલી હિંમતને કારણે રીટાબેને ગાંધીનગરમાં ઘરકામ કરવાની પ્રવૃત્તિથી પોતાનું નવું





જીવન શરૂ કર્યું હતું. સતત પરિશ્રમમાં માનતા રીટાબેન જેમના ઘરે કામ કરવા જતા હતા તેઓના ત્યાંથી જે ભોજનની વ્યવસ્થા થઈ જતી તેના સહારે પોતાનું તથા પુત્રનું ગુજરાન કરતા હતા અને ખૂબ જ ટૂંકા ગાળામાં તેઓએ માસીને માથે ભાર બની રહેવાને બદલે જ્યાં ઘરકામ કરતા તેમને ત્યાં એક રૂમમાં રહેવાની વ્યવસ્થા પણ પ્રાપ્ત કરી લીધી હતી પરંતુ તેમની પાસે ના તો ઓઢવા એક ગોદડી હતી કે ના ઘરમાં એક વાસણ. અક્ષરધામ પર થયેલા આતંકી હુમલાના એ સમયમાં ઘણીવાર તો એવી સ્થિતિ સર્જાતી કે પોતાના વહાલસોયા પુત્રને ઘરમાં પૂરીને ઘરકામ કરવા જવું પડતું હતું પરંતુ તેમણે હિંમત હાર્યા વગર પરિશ્રમ કરવાનું ચાલુ રાખ્યું હતું. ધીમે ધીમે એટલી ટૂંકી આવકમાંથી પણ બચત કરીને એક સિલાઈ મશીન વસાવી લીધું હતું અને ઘરકામ સિવાયના ગામમાં સિલાઈ કામ કરીને અન્ય આવક ઉભી કરી હતી. તેઓ દિવસના ૫૦-૬૦ ઓશિકાના કવર તથા માતાજીની ચુંદડીઓ સીવતા હતા. આ પછી તેમણે ઈમિટેશન જ્વેલરીનો ધંધો પણ શરૂ કરી દીધો હતો. આ ધંધામાં તેમને ઘણી ફાવટ આવી ગઈ અને એક સાઈકલ ઉપર તેઓ ઘરે જઈ જઈને ઈમિટેશન જ્વેલરી વેચતા હતા તથા દર ગુરૂવારે સેક્ટર-૨૭માં સાંઈબાબા મંદિર હતું ત્યાં સાંજે પાથરણું કરીને ઈમિટેશન જ્વેલરી વેચતા હતા. તેમના અથાગ પરિશ્રમને પરિણામે આ ધંધો એટલો સરસ ચાલ્યો કે તેમાંથી બચત કરીને પોતાની એક મૂડી ઊભી કરી અને આ મૂડીમાંથી તેમણે ઓળખીતા જરૂરિયાતમંદોને નાની મોટી રકમ ધિરાણથી આપવાનું શરૂ કર્યું હતું. શ્રીલક્ષ્મી જ્વેલર્સ નામથી ચાલતા તેમના ઈમિટેશન જ્વેલરીના બિઝનેસની સાથે તેમનો આ ધિરાણનો વ્યવસાય પણ ખૂબ જામવા માંડ્યો અને ધીમે ધીમે તેઓ નાના દુકાનદારો ફેરિયા લારી ગલ્લાવાળાઓ તથા મહિલાઓને ધિરાણ આપવા લાગ્યા હતા. તેમના સરળ સ્વભાવને કારણે જે વ્યક્તિઓને પુરાવાના અભાવે કે અન્ય કારણોસર બેંકમાંથી લોન મળતી ન્હોતી તેમના માટે શ્રી લક્ષ્મી જ્વેલર્સ એક વિકલ્પ બની ચૂક્યો હતો. પોતાના વ્યવસાયની સાથે સાથે પહેલેથી જ ધાર્મિક વૃત્તિમાં માનતા રીટાબેન કથા વાર્તાઓ સાંભળવા ખૂબ જતાં અને ધાર્મિક કથાઓમાં વક્તાઓ દ્વારા કહેવામાં આવેલા દાન ધર્મના સિદ્ધાંતોને ચુસ્ત પણે જીવનમાં ઉતારીને દરરોજની પોતાની કમાણીમાંથી દસ ટકા જેટલી રકમ અલગ જીવદયા માટે ફાળવી દેતા હતા. તેમને કૂતરાઓ પ્રત્યે પહેલેથી જ ખૂબ લગાવ હતો તેથી આ બચતમાંથી તેઓ કૂતરાંઓને ખિચડી-છાશ કે દૂધ-બિસ્કિટ ખવડાવતા હતાં. વર્ષ ૨૦૦૮માં તેઓ સેક્ટર-૫માં ભાડે રહેવા આવ્યાં જ્યા અમદાવાદ રહેતા મકાનમાલિકે ત્રણ માળના મકાનમાં બાકીના બે માળનો વહીવટ જ તેમને સોંપી દીધો હતો. આ ઘરમાં તેઓ રસ્તે રખડતાં માં વિનાના નિરાધાર ગલુડિયાને પોતાની સાથે લાવીને આશ્રય આપવા લાગ્યાં હતા. આજે તેમના ઘરમાં તે ગલુડિયા મોટા થઈ રહી રહ્યાં છે. દરરોજ સવારે પાંચ વાગે અને સાંજે સાત વાગે સેકટરમાં કૂતરાંઓને ખવડાવવા જવાના નિત્યક્રમ ધરાવતા સેવાકાર્યમાં તેમનો પુત્ર પાર્થ પણ જોડાયેલો છે, જે ધોરણ-૧૨ સાયન્સ પછી એક વર્ષ એન્જિનીયરીંગ ભણ્યાં બાદ સ્ટુડન્ટ વીઝા પર પોલેન્ડ ભણવાં ગયો હતો પરંતુ માતાને એકલું ફાવતું ના હોવાથી અધવચ્ચે જ અભ્યાસ છોડી પરત આવી હવે માતાનો ફાઈનાન્સનો બીઝનેસ સંભાળી રહ્યો છે.

રીટાબેનને અંગ્રેજી આવડતું ના હોવાથી સ્માર્ટફોન વાપરવામાં તકલીફ પડતી હતી આ દરમિયાન એકવાર પોતાના સેક્ટરમાં રહેતા એક જૈન પરિવારની એકની એક યુવાન દીકરી કરિના સાથે તેમનો પરિચય થયો અને તેણે રીટાબેનને સ્માર્ટફોન વાપરવામાં ખૂબ મદદ કરી. કરિનાને પણ કૂતરા અતિ પ્રિય હતાં જેને કારણે માત્ર એક સપ્તાહના ગાળામાં બન્ને વચ્ચે સારો એવો મનમેળ જામી જતાં રીટાબેને સીધું કરિનાને પોતાના પુત્ર સાથે સગપણ માટે પુછી લીધું જેનો કરિનાએ સહર્ષ સ્વિકાર કરી લીધો હતો. લગ્ન બાદ કરિના પણ પોતાના પતિ પાર્થ અને સાસુ રીટાબેનની સાથે અબોલ જીવોની સેવા કરવામાં ખભેખભો મિલાવીને આનંદથી સાથ આપી રહી છે. આ ત્રિપુટીએ સેકટરમાં અલગ અલગ વિસ્તારો વહેંચી લીધાં છે અને તેમના વાહનનું હોર્ન સાંભળીને જ કૂતરાં દોડતાં આવી ઘેરી વળે છે. આ ત્રિપુટીની ઈચ્છા રખડતા કૂતરાઓ રાખવા માટે એક ખાસ વાડા જેવું બનાવવાની છે જેમાં તેમના માટે એમ્બ્યુલન્સ સેવા પણ ઉપલબ્ધ હોય અને તે માટે તેમણે નવજીવન જીવદયા ટ્રસ્ટ નામની સંસ્થા પણ ઉભી કરી છે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com